**(901)** નીચેના વિધાનો ઉપર વિચાર કરો.

(1) અનુચ્છેદ – 38 મુજબ લોકોના કલ્યાણની વૃદ્ધિ માટેની સમાજ વ્યવસ્થા રાજ્ય સિદ્ધ કરશે.

(2) ભારતીય બંધારણ અનુસાર રાજ્ય, રાજ્ય સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવામાં પગલાં ભરશે.

(3) ગ્રામપંચાયતોની રચના એ DPSP મુજબ સમાજવાદી સિદ્ધાંતમાં સમાવેશ થાય છે.

ઉપરના વિધાનોમાંથી કયું વિધાન અસત્ય છે?

(A) માત્ર 2 (B) માત્ર 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 2 અને 3 *Ans:* B

**(902)** રાજ્યપાલશ્રીની સત્તાઓને લગતા યોગ્ય જોડકાં જોડો.

1. કટોકટી વખતે તેઓ રાષ્ટ્રપતિશ્રીના પ્રતિનિધિ તરીકે વિશાળ સત્તા ભોગવે છે. a. ધારાકીય સત્તાઓ

2. તેઓ રાજ્યની વિધાનસભામાં એક એંગ્લો ઈન્ડિયન સભ્યની નિમણૂક કરે છે. b. નાણાંકીય ખરડો

3. રાષ્ટ્રપતિશ્રી રાજ્યના હાઈકોર્ટમાં ન્યાયાધીશશ્રીની નિમણૂક માટે રાજ્યપાલશ્રી સાથે ચર્ચા-વિચારણા કરી શકે છે c. વહીવટી શક્તિઓ

4. રાજ્યપાલની પૂર્ણ મંજૂરીથી જ વિધાનમંડળમાં નાણાંકીય ખરડો રજૂ કરી શકાય છે. d. ન્યાયિક સત્તાઓ

(A) 1 - c, 2 - a, 3 - d, 4 - b

(B) 1 - c, 2 - d, 3 - b, 4 - a

(C) 1 - a, 2 - c, 3 - b, 4 - d

(D) 1 - a, 2 - c, 3 - d, 4 - b

*Ans:* A

**(903)** ભારતમાં લોકાયુક્તની તપાસ અંતર્ગત નીચેનામાંથી કયા કયા અધિકારીઓનો સમાવેશ થાય છે?

(1) વડાપ્રધાનશ્રી (2) કેબિનેટ મંત્રીશ્રી (3) સંસદ સભ્યો (4) રાજ્ય સરકારના ચારેય વર્ગના અધિકારીઓ

(A) માત્ર 2 અને 3 (B) 1, 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 2, 3 અને 4 *Ans:* B

**(904)** વહીવટી ટ્રીબ્યુનલ વિશે નીચેનામાંથી સાચાં વિધાનો જણાવો.

(1) અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રીનો કાર્યકાળ 68 વર્ષની ઉંમર અથવા 5 વર્ષનો હોય છે.

(2) સભ્યનો કાર્યકાળ 65 વર્ષની ઉંમર હોય છે.

(3) CATC (કેન્દ્રીય વહીવટી ટ્રીબ્યુનલ)ની કેન્દ્રીય શાખા ભોપાલમાં આવેલ છે.

(A) માત્ર 1 અને 2 (B) 1, 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 *Ans:* A

**(905)** નીચેના વિધાનોમાંથી સાચાં વિધાન જણાવો.

(1) 51(A)d મુજબ જાહેર મિલકતનું રક્ષણ કરવાની તથા હિંસાનો ત્યાગ કરવો.

(2) અનુચ્છેદ – 51(A) માં રાષ્ટ્રીય ધ્વજના સન્માનની વાત કરવામાં આવી છે.

(3) વન સંરક્ષણ અધિનિયમ – 1972 માં અમલમાં મૂકાયો હતો.

(A) માત્ર 2 અને 3

(B) 1, 2 અને 3

(C) માત્ર 2

(D) માત્ર 1 અને 3

*Ans:* C

www.Gujarat1.com

**(906)** નીતિ આયોગ બાબતે ક્યુ સત્ય છે?

(1) તેની સંશોધન શાખામાં તે જ ક્ષેત્રના ઉચ્ચત્તમ જ્ઞાન અને શિક્ષણ ધરાવતા નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

(2) ભારતના બધા જ રાજ્યોએ નિયમિત ચોક્કસપણે નીતિ આયોગનો પોતાનો હિસ્સો આપવાનો છે.

(3) નીતિ આયોગ આંતર રાજ્ય પરિષદના આધારે સંઘ અને રાજ્યો પરસ્પર સહકારિતા સાધશે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 *Ans:* D

**(907)** નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે?

(A) પોલીસ એ રાજ્યયાદીનો વિષય છે.

(B) દેશનું સંરક્ષણ, વીમા સેવા સંઘયાદીનો વિષય છે.

(C) રોજગારી અને શિક્ષણ સંયુક્તયાદીનો વિષય છે.

(D) મત્સ્યપાલન અને કૃષિ આવક પર કર એ સંઘયાદીનો વિષય છે.

*Ans:* D

**(908)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) મુખ્યમંત્રીશ્રીને પગાર ભથ્થા જે રાજ્યના વિધાનમંડળ દ્વારા નક્કી કરવામાં આવે છે.

(2) મુખ્યમંત્રીશ્રી ફરજિયાત પણે માત્રને માત્ર વિધાનસભાનો જ સભ્ય હોવો જરૂરી છે.

ઉપરનામાંથી ક્યુ વિધાન ખોટું છે?

(A) 1 અને 2 બંને (B) માત્ર 1 (C) એકપણ નહિ (D) માત્ર 2 *Ans:* D

**(909)** નીચેના વિધાનો ચકાસો.

(1) ધર આયોગે રાજ્યોનું પુનર્ગઠન ભાષાના આધારે ન કરતા વહીવટી ધોરણે કરવાની ભલામણ કરી.

(2) JVP સમિતિ ધર આયોગની વહીવટી ભલામણને નકારી. ઉપરનામાંથી કયું વિધાન સત્ય છે?

(A) એકપણ નહિ (B) 1 અને 2 બંને (C) માત્ર 2 (D) માત્ર 1 *Ans:* D

**(910)** CAG સંબંધિત કયો વિકલ્પ ખોટો છે?

(A) તેઓ રાષ્ટ્રપતિશ્રીને સંબોધિત રાજીનામું આપે છે.

(B) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સમાન વેતન આપવામાં આવે છે.

(C) તેઓ માત્રને માત્ર કેન્દ્ર પાસેથી અનુદાન મળતી સંસ્થાનું - ઓડિટ કરશે.

(D) મહાભિયોગની પ્રક્રિયાથી હટાવી શકાય છે સંસદના ગમે તે ગૃહમાંથી.

*Ans:* C

**(911)** નીચેનામાંથી કયું વિધાન વડાપ્રધાનશ્રી સાથે સંબંધિત સત્ય કથન છે?

(1) વડાપ્રધાનશ્રી જે ગૃહના સભ્ય હોય તે ગૃહના નેતા છે.

(2) વડાપ્રધાનશ્રી સત્ર બોલાવવા તથા તેના અંતની તારીખ નક્કી કરવા રાષ્ટ્રપતિશ્રીને સલાહ આપે છે. તથા તેને રાષ્ટ્રપતિશ્રી બંધન કરતા છે.

(3) વડાપ્રધાનશ્રી તમામ મંત્રીઓની પસંદગી કરી તેમને કાર્યભાર વહેંચવાની વિશેષ સત્તા ધરાવે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3 *Ans:* A

**(912)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) તત્કાલીન સંપૂર્ણ સદસ્યોની બહુમતીથી ઠરાવ પસાર કરીને દૂર કરી શકાય છે. તેને વાસ્તવિક બહુમતી કહેવાય છે.

(2) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને દૂર કરવા માત્ર ઉપસ્થિત તથા મતદાન પ્રક્રિયામાં ભાગ લેનાર સભ્યોની 2/3 બહુમતી જરૂરી છે.

(3) ઉપરાષ્ટ્રપતિશ્રીને પદ પરથી દૂર કરવા બાબતનો ખરડો સૌપ્રથમ લોકસભામાં પસાર થાય છે.

ઉપરના વિધાનમાંથી કયું વિધાન સત્ય છે?

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1 અને 3 (D) માત્ર-1 *Ans:* D

**(913)** રાષ્ટ્રપતિશ્રીની ચૂંટણીમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી મતદાન કરવા માટે યોગ્ય નથી જો..

(A) તે પોતે ઉમેદવાર હોય તો.

(B) તે રાજ્ય વિધાનસભાના નીચલા ગૃહમાં પોતાની બહુમતી સિદ્ધ કરવા બાકી હોય.

(C) તે રાજ્ય વિધાનમંડળના ઉપલા ગૃહના સદસ્ય હોય.

(D) તે રાજ્ય વિધાનમંડળના નીચલા ગૃહના સદસ્ય હોય.

*Ans:* C

**(914)** નીચેનામાંથી કયો નિર્દેશ સિદ્ધાંત જે ગાંધીવાદી ફિલસૂફીની સીધી અસર કરે છે?

(A) મફત કાનૂની સહાય અને સલાહની જોગવાઈ

(B) ગાયના બહિષ્કારનો પ્રતિબંધ

(C) ઐતિહાસિક મહત્ત્વના ક્ષેત્રોનું રક્ષણ

(D) સમાન કાર્ય માટે સમાન પગાર

*Ans:* A

**(915)** નીચેનામાંથી કયું વિધાન જાહેર હિતની અરજી માટે સત્ય છે?

(1) આ માત્ર સર્વોચ્ચ અદાલત તથા ઉચ્ચ અદાલતમાં જ દાખલ કરી શકાય છે.

(2) જાહેર હિતની અરજી NGO દ્વારા પણ દાખલ કરી શકાય

(3) જાહેર હિતની અરજી દ્વારા ભ્રષ્ટાચારમુક્ત વહીવટના પ્રયત્નો મજબૂત બનાવી શકાય છે.

(4) મજદૂરી સંબંધિત પ્રશ્ન એ જાહેર હિતની અરજીમાં સમાવી શકાય છે.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4 (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 3 અને 4 *Ans:* C

**(916)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) રાજ્યસભા અનુદાનની માંગ ઉપર મતદાન કરી શકતી નથી.

2) રાજ્યસભામાં વાર્ષિક નાણાંકીય વિતરણ ઉપર ચર્ચા થઈ શકતી નથી.

ઉપરનામાંથી કયું વિધાન સત્ય છે?

(A) માત્ર 2

(B) માત્ર 1

(C) એકપણ નહિ

(D) 1 અને 2 બંને

*Ans:* B

www.Gujarat1.com

**(917)** સમિતિ - ભલામણો બાબતે નીચેના જોડકાં જોડો.

1. શ્રી બળવંતરાય સમિતિ a. ગ્રામ સભા પર વધારે ભાર આપવો.
2. શ્રીજી.વી.કે. સમિતિ b. જિલ્લા કલેકટરશ્રીને જિલ્લા પંચાયતના કાર્યકારી અધિકારી બનાવામાં આવે.
3. શ્રી પી.કે. શુગંન c. પંચાયતી રાજને 4 સ્તરીય બનાવવું.
4. શ્રીરિખવદાસ સમિતિ d. ગ્રામ પંચાયતોનું વિઘટન કરતા પહેલા જિલ્લા પંચાયતનો અભિપ્રાય લેવો.

(A) 1 - d, 2 - c, 3 - b, 4 - a

(B) 1 - a, 2 - b, 3 - c, 4 - d

(C) 1 - c, 2 - d, 3 - b, 4 - a

(D) 1 - d, 2 - c, 3 - a, 4 - b

*Ans:* A

**(918)** નીચેના વિકલ્પોમાંથી ખોટો વિકલ્પ જણાવો.

(A) 84માં બંધારણીય સુધારા અંતર્ગત લોકસભા અને તે રાજ્યસભાની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો.

(B) બંધારણમાં સુધારા કરવા માટે જોગવાઈ અનુચ્છેદ –368 માં આપેલી છે.

(C) 42માં બંધારણીય સુધારા દરમિયાન લોકસભા અને રાજ્યસભાની બેઠકો 2001 સુધી અકબંધ રખાઈ.

(D) શહેરી સ્થાનિક સંસ્થાઓને બંધારણીય દરજ્જો અપાયો, તે અંતર્ગત 18 વિષયો રાખવામાં આવ્યાં હતા.

*Ans:* A

**(919)** નીચેનામાંથી કયા કાર્યો સર્વોચ્ચ ન્યાયાલયના નથી?

(1) સિવિલ તથા અપરાધી બાબતમાં અપીલની અંતિમ સુનવણી કરવી.

(2) સંવિધાનની અંતિમ વ્યાખ્યા કરવી.

(3) નાગરિકોના મૂળ અધિકારોની રક્ષા કરવી.

(A) માત્ર 1 અને 3 (B) એક પણ નહિ (C) 1, 2 અને 3 ત્રણેય (D) માત્ર 2 અને 3 *Ans:* B

**(920)** નીચેનામાંથી કયું કથન વિધાનમંડળ માટે સત્ય છે?

(1) રાજ્ય વિધાનમંડળનો ઉલ્લેખ ભાગ - 6 માં કરવામાં આવેલ છે.

(2) વિધાનમંડળમાં રાજ્યપાલશ્રી, વિધાનસભા, વિધાન પરિષદનો સમાવેશ થાય છે.

(3) વિધાનમંડળમાં વિધાન પરિષદની ન્યૂનત્તમ સીટની સંખ્યા 40 થાય છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3 *Ans:* A

**(921)** નીચેનામાંથી કયો વિકલ્પ ખોટો છે?

(A) ભારતના એટર્ની જનરલશ્રીનું મહેનતાણું રાષ્ટ્રપતિશ્રી નક્કી કરે છે.

(B) ભારતના એટર્ની જનરલશ્રીને રાષ્ટ્રપતિશ્રીની ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર છે.

(C) રાષ્ટ્રપતિશ્રી સર્વોચ્ચ અદાલત પાસે કોઈ વિશેષ પરિસ્થિતિમાં સલાહ માંગે તો તે વખતે એટર્ની જનરલ અદાલતમાં સરકારનો પક્ષ રાખે છે.

(D) એટર્ની જનરલશ્રી ભારત સરકારના કાયદાથી સંબંધિત બાબતોમાં સલાહ આપશે.

*Ans:* B

**(922)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) સોલિસીટર જનરલશ્રીનું પદ બંધારણીય નથી.

2) સોલિસીટર જનરલશ્રીના પદની શરતો અને સેવા કાયદો નિયમાવલી 1987ની અંતર્ગત હોય છે.

ઉપરનામાંથી કયું વિધાન ખોટું છે?

(A) માત્ર 2 (B) માત્ર 1 (C) 1 અને 2 બંને (D) એકપણ નહિ *Ans:* D

**(923)** આમુખના મુખ્ય પાયાના સિદ્ધાંત પરના વિધાનો પર વિચાર કરો.

(1) બંધારણની શક્તિનો મુખ્ય સ્ત્રોત ભારતના લોકો છે.

(2) ભારત એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહીવાદ અને પ્રજાસત્તાક રાજ્ય વ્યવસ્થાવાળો દેશ છે.

(3) આર્થિક, સામાજિક અને રાજકીય સમાનતાનો ઉલ્લેખ છે.

(4) પાયાના સિદ્ધાંત અનુસાર 26 નવેમ્બર, 1949 ના રોજ બંધારણ સભામાં બંધારણનો સ્વીકાર કરાયો હતો.

ઉપરનામાંથી કયા વિધાનો સત્ય છે?

(A) માત્ર 1 અને 2 (B) 1, 2, 3 અને 4 (C) માત્ર 1, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3 *Ans:* D

**(924)** નીચેનામાંથી કયા વિધાનો સરપંચશ્રી માટે સત્ય છે?

(1) 15 ડિસેમ્બર પહેલા તાલુકા પંચાયતને ગ્રામ પંચાયતનું અંદાજપત્ર મોકલવાનું હોય છે.

(2) ગ્રામ પંચાયતની સમિતિ પર દેખરેખ રાખવી.

(3) કાર્યોની વહેંચણી તથા સભ્યો અને સમિતિઓને કાર્ય સાંપવું.

(4) સભ્યનું રાજીનામું મંજૂર કરવું.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 *Ans:* D

**(925)** નીચેનામાંથી કયો વિકલ્પ જિલ્લા ન્યાયાધીશશ્રીને સંલગ્ન નથી?

(A) ઉચ્ચ ન્યાયાલય દ્વારા તેની નિમણૂક માટેની ભલામણ કરવામાં આવી હોવી જોઈએ.

(B) જિલ્લા ન્યાયાધીશશ્રી કેન્દ્ર અથવા રાજ્યના કોઈ સેવામાં કાર્યરત ન હોવા જોઈએ.

(C) જિલ્લા ન્યાયાધીશશ્રીને ફોજદારી કેસોની સૂનવણીમાં સત્ર ન્યાયાધીશશ્રી પણ કહેવાય છે.

(D) મુખ્ય પ્રેસીડેન્સી મેજિસ્ટ્રેટની હેઠળ જિલ્લા ન્યાયાધીશશ્રીનો સમાવેશ થાય છે.

*Ans:* D

**(926)** વિભાજન પછી માઉન્ટબેટન યોજના અનુસાર બંધારણ સભાના સભ્યોમાં બ્રિટિશ પ્રાંત તથા દેશી રજવાડાની સંખ્યા કેટલી હતી?

(A) બ્રિટિશ પ્રાંત - 220, દેશી રજવાડા - 79

(B) બ્રિટિશ પ્રાંત - 229, દેશી રજવાડા - 79

(C) બ્રિટિશ પ્રાંત - 229, દેશી રજવાડા 270

(D) બ્રિટિશ પ્રાંત – 219, દેશી રજવાડા - 89

*Ans:* C

**(927)** નીચેના વિકલ્પોમાંથી કયો વિકલ્પ ખોટો છે?

(A) બંધારણ સભા દ્વારા બંધારણનું પ્રથમ વાંચન વનવેમ્બર, 1948 થી શરૂ કર્યું હતું.

(B) 17 નવેમ્બર, 1947 બંધારણ સભાની પ્રથમ વખત ધારાકીય સંસ્થા તરીકે બેઠક મળી.

(C) બંધારણ સભાના પ્રથમ ઉપપ્રમુખ શ્રી એચ.સી. મુખર્જી હતા.

(D) બંધારણ સભાના કુલ 290 સભ્યોમાંથી 280 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતા.

*Ans*: D

**(928)** નીચેના વિકલ્પોમાંથી ખોટો વિકલ્પ જણાવો.

(A) ઉપરાષ્ટ્રપતિશ્રીને હટાવવા માટે બંને ગૃહમાંથી તહોમત રજૂ થવી જોઈએ.

(B) ભારતમાં ઉપરાષ્ટ્રપતિશ્રીનું પદ 1952 થી શરૂ થયેલું

(C) રાજ્યસભામાં સ્થગન પ્રસ્તાવનો નિર્ણય સભાપતિ લે છે.

(D) ઉપરાષ્ટ્રપતિશ્રીને હટાવવા માટે રાષ્ટ્રપતિશ્રી જેવી મહાભિયોગ પ્રક્રિયા નથી.

*Ans*: A

**(929)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) રાજ્યસભાના સભાપતિ રાજ્યસભાના સભ્ય નથી.

(2) રાજ્યસભાના ઉપસભાપતિનો કાર્યકાળ 5 વર્ષનો હોય છે.

(3) રાજ્યસભાના સભાપતિની નિમણૂકની યોગ્યતા ઉપરાષ્ટ્રપતિના પદ મુજબ હોય છે.

(4) ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત હોય તો તેઓ સભાપતિ તરીકે કાર્ય કરતા નથી.

ઉપરનામાંથી કયા વિધાન સાચાં છે?

(A) 1, 2, 3 અને 4 (B) 2, 3 અને 4 (C) 1, 2 અને 4 (D) 1, 3 અને 4 *Ans*: D

**(930)** નીચેના જોડકાં જોડો.

1. CBI (Central Bureau of Investigation) a. 1963

2. CVC (Central Vigilance Commission) b. 1952

3. NDC (National Development Council) c. 1964

(A) 1 - c, 2 - b, 3 - a

(B) 1 - a, 2 - b, 3 - c

(C) 1 - b, 2 - a, 3 - c

(D) 1 - a, 2 - c, 3 - b

*Ans*: D

**(931)** નીચેનામાંથી કયું વિધાન સત્ય છે?

(1) લેન્ડ પોટર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એકટ, 2010 દરમિયાન અપનાવવામાં આવ્યો છે.

(2) કલાદાન મલ્ટી મોટર કોરિડોર એ ભારતે બાંગલાદેશને અર્પણ કરેલ પરિયોજના છે.

(A) 1 અને 2 બંને (B) માત્ર 2 (C) માત્ર 1 (D) એકપણ નહિ *Ans*: C

www.Gujarat1.com

**(932)** અનુચ્છેદ – 85(2) અનુસાર રાષ્ટ્રપતિશ્રી કઈ કઈ શક્તિ ધરાવે છે?

(A) એક પણ નહિ

(B) રાષ્ટ્રપતિશ્રી લોકસભાનું વિસર્જન કરશે.

(C) કેબિનેટની ભલામણથી રાષ્ટ્રપતિશ્રી કોઈપણ ગૃહમાં સત્ર સમાપ્તિ કરશે.

(D) બંને

*Ans:* D

**(933)** નીચેના વિધાનો ચકાસો.

(1) મણિપુરમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વખત રાષ્ટ્રપતિ શાસન લાગ્યું.

(2) કટોકટી વખતે રાજ્ય ખરડો અને બજેટ સંસદમાં પસાર થાય છે.

(3) રાષ્ટ્રપતિશ્રી દ્વારા લાગુ પડાયેલી નાણાંકીય કટોકટીનું ન્યાયિક પુનઃઅવલોકન કરી શકાય છે.

ઉપરનામાંથી કયા વિધાનો સત્ય છે?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 (C) 1, 2 અને 3 (D) માત્ર 2 અને 3 *Ans:* C

**(934)** State Information Commission (રાજ્ય સૂચના આયોગ)ની સ્થાપના કયારે અને કોની અંતર્ગત કરવામાં આવી હતી?

(A) 2005, માહિતી અધિકાર અધિનિયમ - 2005

(B) 2005, રાજ્ય વિકાસ અધિનિયમ – 2005

(C) 2007, માહિતી અધિકાર અધિનિયમ - 2005

(D) 2009, માહિતી અધિકાર અધિનિયમ - 2005

*Ans:* A

**(935)** નીચેનામાંથી કયું વિધાન ખોટું છે?

(1) ઉદ્દેશ્ય પ્રસ્તાવ 13 ડિસેમ્બર, 1946 ના રોજ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

(2) ઉદ્દેશ્ય પ્રસ્તાવ સરદાર પટેલ દ્વારા લાવવામાં આવ્યો હતો.

(A) 1અને 2 બંને (B) એકપણ નહિ (C) માત્ર 2 (D) માત્ર 1 *Ans:* C

**(936)** મંત્રી પરિષદના કાયદાકીય કાર્યવાહીના અધિકારોમાં સમાવેશ થાય છે...

(A) સંસદમાં મહત્ત્વપૂર્ણ બિલ અને ઠરાવો રજૂ કરવા.

(B) સંસદના બે ગૃહોને બોલાવવા અને પ્રચાર કરવો.

(C) લોકસભાના બે એંગ્લો-ઈન્ડિયન સભ્યોને નિમવા.

(D) કેટલાક રાજ્યસભાના સભ્યોને નિમવા.

*Ans:* A

**(937)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) સ્થગન પ્રસ્તાવ દરમિયાન ગૃહની કાર્યવાહીને સ્થગિત કરી દેવામાં આવે છે.

(2) સંસદના ગૃહોનું સત્રાવસાન વડાપ્રધાનશ્રી દ્વારા મંત્રી પરિષદની સલાહથી કરવામાં આવે છે.

(3) સત્ર સમાપ્તિની સત્તા રાષ્ટ્રપતિશ્રી પાસે છે.

ઉપરનામાંથી કયું વિધાન સત્ય છે?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 *Ans:* A

www.Gujarat1.com

**(938)** નીચેના જોડકાં જોડો.

1. સંયુક્ત રાજ્ય અમેરિકા a. રાજ્યપાલશ્રીની ભૂમિકા
2. ઓસ્ટ્રેલિયા b. બંધારણની સર્વોપરિતા
3. આયરલેન્ડ c. સંસદની સંયુક્ત બેઠક
4. કેનેડા d. રાષ્ટ્રપતિશ્રી દ્વારા રાજ્યસભામાં સભ્યોની નિયુક્તિ

(A) 1 - c, 2 - b, 3 - 2, 4 - d
(B) 1 - b, 2 - c, 3 - d, 4 - a
(C) 1 - b, 2 - d, 3 - c, 4 - b
(D) 1 - d, 2 - a, 3 - 6, 4 - c

***Ans:*** B

**(939)** નીચેનામાંથી કયું વિધાન એ નાણાંપંચના કાર્ય બાબતે સત્ય છે?

(A) રાષ્ટ્રપતિશ્રી દ્વારા ભારતની સંગીન નાણાંકીય વ્યવસ્થાના હિતમાં મોકલાયેલ કોઈ બીજી બાબતો.
(B) એકપણ નહિ
(C) કેન્દ્ર રાજ્યો વચ્ચે કરોની શુદ્ધ આવકની વહેંચણી કરવી.
(D) બંને

***Ans:*** D

**(940)** નીચે આપેલમાંથી કયા વિધાનોનો વડી અદાલતના અધિકાર ક્ષેત્રમાં સમાવેશ થાય છે?

(1) સંસદ અને રાજ્ય વિધાનમંડળના સભ્યોના ચૂંટણી સંબંધિત વિવાદો
(2) મહેસૂલી સંબંધિત બાબતો
(3) ન્યાયિક સમીક્ષાની સત્તા
(4) છૂટાછેડા સંબંધિત પ્રશ્નો

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 4 (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 1 અને 2 ***Ans:*** C

**(941)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) ગવર્નરની કારોબારીમાં સૌપ્રથમ શ્રી સત્યેન્દ્રપ્રસાદ સિંહાને ભારતીય પરિષદ અધિનિયમ – 1909 દરમિયાન સમાવવામાં આવ્યાં.
(2) ભારતીય બંધારણ સભાની રચના ક્રિપ્સ મિશન દરમિયાન થઈ હતી.
(3) માઉન્ટબેટન યોજના 3 જૂન, 1947 દરમિયાન રજૂ થઈ હતી.

ઉપરનામાંથી કયા વિધાનો સત્ય છે?

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3 ***Ans:*** D

**(942)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) ઉત્પ્રેષણની રીટ તે ધારાકીય કાર્યો અને ખાનગી વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ જાહેર કરી શકાતી નથી.
(2) કોઈ પણ જાહેર અધિકારીઓને ફરજ બજાવવા પરમાદેશ આપવામાં આવે છે.
(3) રાષ્ટ્રીય કટોકટી દરમિયાન રાષ્ટ્રપતિ અનુચ્છેદ – 32 ને અટકાવી શકે છે.

ઉપરનામાંથી કયું વિધાન સત્ય છે?

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 2 અને 3 ***Ans:*** A

www.Gujarat1.com

**(943)** મહાધિવકતાને કઈ કઈ શક્તિ પ્રાપ્ત થાય છે?

(1) તેઓ દેશની કોઈપણ અદાલતમાં સુનવણી કરી શકે છે.

(2) રાજ્યપાલશ્રી દ્વારા સોંપવામાં આવેલા વિષયો પર રાજ્ય સરકારને સલાહ આપે છે.

(3) મહાધિવકતા રાજ્યના વિધાનસભ્યને પ્રાપ્ત બધા જ વિશેષ અધિકારો ભોગવે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) 1, 2 અને 3 (D) માત્ર 1 અને 2 *Ans:* B

**(944)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) પ્રથમ મોબાઈલ કોર્ટની શરૂઆત હરિયાણાના મેવાત ગામથી થઈ હતી.

(2) પ્રથમ ઈ કોર્ટનું ન્યાયાધીશશ્રી કે.જી. બાલકૃષ્ણન દ્વારા ઉદઘાટન થયું હતું.

(3) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રીને "માસ્ટર ઓફ ધ રોસ્ટર" કહે છે.

(4) કોઈ પણ કેસની સુનવણી વખતે કેટલા ન્યાયધીશની પસંદગી થશે તે બાબત નક્કી કરવાનું કામ સંસદનું રહેશે.

ઉપરના વિધાનમાંથી કયા વિધાનો સત્ય છે?

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 2 અને 3 *Ans:* C

**(945)** જો ઉપાધ્યક્ષશ્રી લોકસભાની અધ્યક્ષતા કરતા હોય તો એને એક અધિકાર પ્રાપ્ત થાય છે કે....

(A) અધ્યક્ષશ્રીની ગેરહાજરીમાં સંસદની સંયુક્ત બેઠકની અધ્યક્ષતા કરવાનો અધિકાર ધરાવતા નથી.

(B) સદસ્યના રૂપમાં સદનની સમક્ષ કોઈ પ્રસ્તાવ ઉપર મતદાન કરી શકે છે.

(C) લોકસભાના વિચાર-વિમર્શમાં ભાગ લઈ શકે છે.

(D) મત બરાબર અથવા સમાન થવાની શક્યતામાં મતદાન કરી શકે છે.

*Ans:* D

**(946)** નીચેનામાંથી કયા વિધાન ઉપર અનુચ્છેદ – 47 નો પ્રભાવ જોવા મળે છે?

(1) ગુજરાત સરકાર દ્વારા ગૌરક્ષા હેતુ માટે ઉપાય કરવામાં આવે છે.

(2) મનરેગા અંતર્ગત ગ્રામીણ યુવાનોને રોજગાર પ્રદાન કરવામાં આવે છે.

(3) 2 ઓકટોબર, 2016 ના રોજ બિહાર સરકાર દ્વારા રાજ્યમાં મદ્યપાન નિષેધની ઘોષણા કરાયેલ

(A) માત્ર 3 (B) 1, 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2 *Ans:* A

**(947)** નીચેનામાંથી કયા વિષય પર રાષ્ટ્રપતિશ્રીએ મંત્રી પરિષદ પાસેથી સલાહ લેવી જરૂરી નથી?

(A) વિધેયકો ઉપર સ્વીકૃતિ આપવી.

(B) રાજદૂતની નિયુક્તિ

(C) લોકસભાનું વિસર્જન કરવા.

(D) રાજ્યપાલશ્રી દ્વારા મોકલાવેલ વિધેયકોની સ્વીકૃતિ માટે

*Ans:* A

**(948)** ઉચ્ચ ન્યાયાલય વિરુદ્ધ અપીલ સુપ્રીમ કોર્ટમાં ક્યારે કરી શકાય છે?

(1) કોઈ અપરાધીને અધીનસ્થ ન્યાયાલય દ્વારા છોડી મુકવામાં આવ્યો હોય તથા અપીલમાં ઉચ્ચ ન્યાયાલયે મૃત્યુદંડ આપ્યો હોય.

(2) બંધારણીય બાબતોમાં ઉચ્ચ ન્યાયાલયની વિરુદ્ધ સર્વોચ્ચ ન્યાયાલયમાં અપીલ કરી શકે છે.

(A) માત્ર 1 (B) એકપણ નહિ (C) 1 અને 2 બંને (D) માત્ર 2 *Ans:* C

**(949)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) રાષ્ટ્રપતિશ્રી પોતે અથવા તેમના દ્વારા નિયુક્ત કોઈ પણ સભ્ય દ્વારા સીધી રીતે કેન્દ્રશાસિત પ્રદેશનો વહીવટ પોતાની ધારાકીય સત્તાને આધીન કરે છે.

(2) રાષ્ટ્રપતિશ્રી આંતરરાજ્ય પરિષદની નિમણૂક કરી શકે છે.

(3) ભારતના રાષ્ટ્રપતિશ્રી એ સંસદનો ભાગ છે, પણ સંસદને જવાબદાર નથી.

(4) વિશેષિત વિટોને સંસદમાં ફરીથી ખરડો પસાર કરી રદ કરી શકાય છે.

ઉપરનામાંથી કયા વિધાન સત્ય છે?

(A) માત્ર 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 1, 3 અને 4 *Ans:* C

**(950)** નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) બંધારણીય સુધારો કરવાની બાબતમાં લોકસભા અને - રાજ્યસભાની શક્તિઓ સમાન છે.

(2) 119માં બંધારણીય સુધારાની અંતર્ગત ભારત અને બાંગ્લાદેશ સરહદ સમજૂતી ખરડાનો ઉલ્લેખ થયેલો છે.

(3) 31માં બંધારણીય સુધારા અંતર્ગત લોકસભાની ચૂંટણી દ્વારા ભરાતી બેઠકો 525થી વધારી 552 થઈ.

ઉપરના વિધાનોમાંથી કયા વિધાનો સાચાં છે?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3 *Ans:* D

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

Updates on WhatsApp: Click Here Telegram: Click Here

OJAS-MG on Telegram: Click Here

Download More Books: Click Here OR visit gujarat1.com/books

Report mistake if any on info@gujarat1.com

www.Gujarat1.com